મોરબી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે કામગીરી

*15/4/386 શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા હેતુથી કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવા હેતુથી નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે:<br>૧.મોરબી જીલ્લાના વવાણીયા ખાતેના શ્રીમંદ રાજચંદ્ર ભુવન તથા રામબાઈ માતા ખાતે વિવિધ વિકાસની કામગીરી.<br>૨.મોરબી જીલ્લાના ટંકારા ખાતે આવેલ મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ખાતે વિકાસની કામગીરી. |
| (૨) | જો હા, તો તે કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) | ૧. મોરબી જીલ્લાના વાવણીયાના શ્રીમંદ રાજચંદ્ર ભુવન ખાતે: સ્વાધ્યાય હોલ, ટોઈલેટ બ્લોક, જનરેટર રૂમ, સિક્યુરિટી કેબીન, ડાઈનીંગ હોલ તથા રામબાઈ માતા ખાતે ભોજનાલય રસોડુ, કોઠાર રૂમ, સતસંગ હોલની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે.<br>૨. મોરબી જીલ્લાના ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ખાતે: જમીનની ફરતે, કમ્પાઉન્ડ વોલ, મેઈન ગેટ ,જમીન લેવલની કામગીરી, સિક્યુરિટી કેબીન, મેઈન ગેટ થી રોડ સુધી રસ્તો, પીવાના પાણી માટે બોર વેલ વગેરે કામગીરી હાથ ધરેલ, જે કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. |
| (૩) | આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | ૧. મોરબી જીલ્લાના વવાણીયા ખાતેના શ્રીમંદ રાજચંદ્ર ભુવન તથા રામબાઈ માતાની કામગીરી માટે રૂ.૩૮૩.૮૨ લાખનો ખર્ચ થયેલ છે.<br>૨. મોરબી જીલ્લાના ટંકારા ખાતે આવેલ મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારકની કામગીરી માટે રૂ. ૪૨૭.૬૦ લાખનો ખર્ચ થયેલ છે. |

----